ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૭/૧૮-૧૯/ 5246 તારીખ : 19 NOV 2018

પ્રતિ,

મેં. રાજધાની ડીહાયડરેશન,
સાવરકુંડલા રોડ,
નેસવડ,
તા. મહુવા, જી. ભાવનગર.
મો :

કેસ ન. ૯૭/૧૮-૧૯.

વિષય : સ્લો મીટરનું બિલ રદ કરવા બાબત.

સંદર્ભ : (૧) આપનો પત્ર તા : ૨૫.૦૮.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૭/૧૮–૧૯/૩૯૦૩ તા.૦૧.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.03.૧૧.૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, મહુવા.

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાના:–
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર –૯૭/૧૮–૧૯**

વાદી :– મેં. રાજધાની ડીહાયડરેશન

વિરૂધ્ધ

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ– ૦૩.૧૧.૨૦૧૮**

હાજર રહયા :– મનુભાઈ નથુભાઈ રામ - પાર્ટનર.

પ્રતિવાદી :– શ્રી એચ.એન શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મેં. રાજધાની ડીહાયડરેશન, મુ.નેસવડ, તા.મહુવા જી.ભાવનગર ની સ્લો મીટર બિલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૭ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૯૭/ ૧૮–૧૯/ ૩૯૦૩ તા.૦૧.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા ૦૩.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદીના પ્રતિનિધિ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.એન શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા, ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧ અમો વાદી શ્રી રાજધાની ડીહાઈડ્રેશન ,સાવરકુંડલા રોડ,નેશવડ,તા.મહુવા જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.**

**૧.૨ અમોએ ડીહાઈડ્રેશનનું વીજ કનેકશન એચ.ટી. ૨૫૦ કે.વી. નુ વીજ કનેકશન ચાલે છે. ધંધામા મંદી આવવાથી એક વર્ષથી કારખાનુ બંધ છે છતા રોજ કારખાને ફકત લાઈટનો ઉપયોગ થાય છે. વપરાશ મુજબ રીડીગ મીનીમમ ચાર્જ રાબેતા મુજબ ભરીએ છીએ**

--૨--

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

૧.૩ ઓગસ્ટ ૧૭ થી કારખાનુ બંધ છે જુન–૧૮ નુ વીજ બીલ રીડીગ ૩૬૮૪ આવવાથી બીલ ડબલ આવવાથી અમે તા. ૨૧/૬/૧૮ ના રોજ મીટર અને સીટીપીટી ટેસ્ટ કરવા તપાસ કરવા અરજી આપેલ.તા. ૨૮/૬/૧૮ ના રોજ મીટર અને સીટીપીટી કર્મચારી આવીને બદલાવેલ બાદ જણાવેલ કે સીટીપીટી અને મીટરની તપાસ કરવા તમારે આવવાનુ છે.

૧.૪ અમારી ગેરહાજરીમા એક તરફી વન સાઈડ મીટર અને સીટીપીટી લેબમા તપાસ કરેલ છે.અને પોતાની મેળે લેબ રીર્પોટ ભરેલ છે.અને ૬૬% મીટર ધીમુ ફરેલ છે તેનુ અમને બીલ આપેલ છે.એમ.આર.આઈ રીર્પોટ આપેલ નથી ૪૩ દિવસનુ અમારી વપરાશ નથી અને કારખાનુ બંધ છે. કારખાના બંધ હોય ત્યારે તપાસ કરવા આવવુ જોઈએ રૂા. ૭૩૧૯૦ નુ બીલ તપાસ કરાવી રદ કરવા હુકમ કરવા વિનંતી.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદાર નુ નામ :– રાજધાની ડીહાઈડ્રેશન

- કનેકશન શરૂ થયા તા.:– ૨૪/૧/૦૯
- કેટેગરીઃ– HTP-1 (HT)
- કેવીએ :–૨૫૦
- સબડીવીઝનઃ– મહુવા રૂરલ–૧

૨.૨ વાદીની તા. ૨૧/૭/૧૮ ની મીટર તથા સીટીપીટી ટેસ્ટ કરવાની અરજીના અનુંસંધાને તા. ૨૬/૬/૧૮ ના રોજ મીટર તથા સીટીપીટી તપાસવા અત્રેની કચેરીએથી નાયબ ઈજનેરશ્રી ટેક–૧ ગયેલ પરતુ વીજ મીટરમા નિયમ મુજબ વોલ્ટેજ આવતા ના હોય સીટીપીટી ડીફેકટીવ હોવાનુ પ્રાથમિક કારણ જણાયેલ વાદીની વધારે બીલ બાબતની રજુઆતના અનુસંધાનમા વધુ તપાસ કરતા લોડ સાઈડ જોડેલ કેપેસીટર બેંક તપાસતા દરેક ફેઈઝમા ૩૦ થી ૪૦ એમપીયરનો લોડ માલુમ પડેલ જે વાદીના પ્રતિનીધિને કલીપઓન મીટર દ્રારા રૂબરૂ દેખાડેલ તથા વધારાના કેપેશીટર બંધ કરવા માટેનુ માર્ગદર્શન આપેલ હતુ.

૨.૩ ડીફેકટીવ સીટીપીટી યુનિટ તા. ૨૮/૬/૧૮ ના રોજ બદલવામા આવેલ છે. સીટીપીટી બદલતા પહેલા વાદીના પ્રતિનીધીની હાજરીમા વીજ મીટર તથા સીટીપીટીનો ટેસ્ટ એલ.ટી. સાઈડ સ્ટાન્ડર્ડ એકયુ ચેક મીટર થી લીધેલ હતો જેના પરીણામ મુજબ સીટીપીટી યુનિટની અંદર ખામી સર્જવાને કારણે વીજ વપરાશ વીજ મીટરમા ૬૬.૬૧૫૮% ઓછો નોંધાતો હતો.

૨.૪ વાદીનુ કારખાનુ બંધ હતુ પરતુ વાદીના કારખાનામા વાયરીગ અથવા કેપેશીટ બેંકમા કોઈ ખામી સર્જવાને કારણે વીજ વપરાશ વધેલ છે. વાદીનુ વીજ મીટર બદલાવેલ નથી ફકત સીટીપીટી યુનિટ બદલાવેલ છે. સીટીપીટી યુનિટનુ લેબ પરીક્ષણ કરેલ નથી જે વાદીની હાજરીમા કરવામા આવશે સદર ખામીયુકત સીટીપીટી યુનિટનુ પરીક્ષણ નિયમ મુજબ જે તે સ્થળ પરની પરીસ્થીતીમા જ કરવામા આવેલ છે.

૨.૫ સદર સીટીપીટી યુનિટમા કોઈ કારણોસર ખામી સર્જાયેલ છે. જેની લીધે વીજ મીટરમા વીજ વપરાશ ૬૬.૬૨% ઓછો વીજ વપરાશ નોધાયેલ છે. ખરેખર જે વીજ વપરાશ નોંધાવો જોઈએ તે મુજબ ગણતરી કરીને વાદીને બીલ આપવામા આવેલ છે જે નીયમ મુજબ છે.

૨.૬ વાદીને તા. ૧૭/૫/૧૮ સમય ૧૫.૪૦ થી તા. ૨૮/૬/૧૮ સમય ૧૪.૦૫ કુલ ૪૩ દિવસનુ જીઈઆરસી ના નોટીફીકેશન નં ૪/૨૦૧૫ ના કલોઝ નં. ૬.૫૮ મુજબ સ્લો મીટરનુ ૯૭૫૧ યુનિટ નુ રૂા. ૭૩૨૧૪ .૮૩ નુ અત્રેની કચેરીના આઉટવર્ડ નં. ૯૪૧૩ તા. ૧૬/૮/૧૮ થી સપ્લીમેન્ટરી બીલ આપવામા આવેલ જે નિયમ મુજબ બરાબર છે. વાદીને આપવામા આવેલ બીલ અંગેની કેલકયુલેશન શીટ આ સાથે સામેલ છે.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

3.૧ વાદી અરજદાર મેં. રાજધાની ડીહાઈડ્રેશનના નામનું ગામ નેસવડમાં તા. મહુવામાં ગ્રાહક નં. ૨૩૮૧૬ થી HTP-I ટેરીફનું ૨૫૦ KVA એનું HT વીજ જોડાણ ધરાવે છે.

3.૨ વાદી દ્વારા તા. ૨૧.૦૬.૧૮ના રોજ CTPT ટેસ્ટ કરવાની અરજી મળવાથી પ્રતિવાદી તા. ૨૬.૦૬.૧૮ના રોજ વાદીના વીજ સ્થાપન ચેક કરવા ગયેલ ત્યારે વીજ સ્થાપન પરના મીટરમાં વોલ્ટેજ બતાવતા ન હતા, અને પ્રાથમિક દ્રષ્ટિએ CTPT ડીફેકટીવ માલુમ પડતા તા. ૨૮.૦૬.૧૮ના રોજ પ્રતિવાદી દ્વારા ચેકિંગ શીટ નં. ૧૯૪૧૫ માં જરૂરી ટેસ્ટ રીઝલ્ટ અને નોંધ લખી વીજ સ્થાપન પર નું ડિફેકટીવ CTPT પ્રતિવાદી દ્વારા બદલવામાં આવેલ.

3.3 તા. ૨૮.૦૬.૧૮ના રોજ CTPT બદલાવતા પહેલા પ્રતિવાદીના પ્રતિનિધિએ મીટરના ડિસપ્લે પર વોલ્ટેજ RM-4.16, YN-2.06, BN-2.29 બતાવતા હતા, તેમજ એક્યુંચેક મીટર દ્વારા મીટરનું કેલીબ્રેશન કરતા મીટર ૬૬.૬૧૫૮ % ધીમું માંલૂમ પડેલ.

3.૪ જરૂરી ટેસ્ટ પરિક્ષણ બાદ પ્રતિવાદી દ્વારા CTPT યુનીટ મુકવામાં આવેલ અને તેના પર જરૂરી ટેસ્ટ લેવામાં આવેલ, જે ટેસ્ટ રીઝલ્ટ બરાબર માલુમ પડેલ.

3.૫ તા. ૨૮.૦૬.૧૮ના રોજ પ્રતિવાદી દ્વારા CTPT યુનીટ બદલાવ્યા પહેલા અને બદલાવ્યા બાદ મીટરના પેરામીટર્સ લેવામાં આવેલ, જેમાં CTPT યુનીટ બદલાવ્યા પહેલા વોલ્ટેજ RM-4.16, YN-2.06, BN-2.29 બતાવતા હતાં, જયારે CTPT બદલાવ્યા બાદના મીટર ડિસપ્લેના પેરા મીટર્સ, RN-6.66, YN-6.57, BN-6.55 નોંધાયેલ છે આમ, CTPT બદલાવ્યા બાદ મીટરના ડિસપ્લેમાં વોલ્ટેજ બરાબર માલુમ પડેલ હતા.

3.૬ તા. ૨૮.૦૬.૧૮ના રોજ પ્રતિવાદી દ્વારા મીટરનો MRI ડેટા લેવામાં આવેલ, MRI ના વોલ્ટેજ રિલેટેડ ઈવેન્ટ મુજબ તા. ૧૭.૦૫.૧૮ ના ઈવેન્ટમાં વોલ્ટેજ L-2 માં ૨૨૨૮.૦૦ "V" તેમજ વોલ્ટેજ L-3 માં ૨૪૧૦.૦૦ "V" બત્તાવેલ છે, જે સ્ટાન્ડર્ડ વેલ્યુ કરતા ઓછા છે, આમ, મીટરના R અને Y ફેઝને પૂરતા વોલ્ટેજ મળતા ન હતા.

3.૭ સ્થળપર મીટરની એક્યુરસી ચેક કરતા મીટર ૬૬.૬૨% ધીમાપણું હોવાથી તેમજ મીટરના MRI ડેટામાં વોલ્ટેજની વેલ્યુ ઓછી મળવાથી તેમજ મીટરના લીધેલ પેરામીટર ( CTPT પહેલા અને પછી) ના આધારે વાદીના વીજ સ્થાપનનું મીટર ૬૬.૬૨ % ધીમું ફરતું હતું તેવું ફલિત થાય છે, આથી પ્રતિવાદીએ તા. ૧૭.૦૫.૧૮ના મીટરના રીડિંગ ૨૭૫૬ અને તા. ૨૮.૦૬.૧૮માં રીડિંગ ૪૩૮૪.૫ નો તફાવત અને મલ્ટીપ્લાઈંગ ફેક્ટર 3 ને આધારે થતી વપરાશ ૪૮૮૫.૫ પર ૬૬.૬૨% સ્લોનેસની ગણતરી કરી ૯૭૫૦.૫૧ તેમજ તેને સલંગ્ન પેરામીટર KVH, KWH નાઈટ, ની ગણતરી કરીને વાદીને ૯૭૫૧ યુનીટ (KWH) નું રૂ. ૭૩,૨૧૪=૮૩ નું પૂરવણી બિલ આપવામાં આવેલ છે જે નિયમ મુજબનું છે અને વાદીએ ભરવાપાત્ર છે.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. ૩.૭ મુજબ વાદીને આપવામાં આવેલ પુરવણી બિલ વસુલ કરવા પ્રતિવાદી હક્કદાર છે.”**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| (બી. જે. દવે) | (પી. એચ. માવાણી) | (એમ. આર. વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :-૦૩.૧૧.૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar